# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭

**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 | ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬

**Fax** : (0261) 2227312 | **ફેકસ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨

**Gram** : VNSGU | **તાર** : વીએનએસજીયુ

**E-mail :** sgu@sguernet.in


**ખાનગી** | **સિન્ડિકેટની તાકીદની સભા**

**ફકત સભ્યોની જાણ માટે** | **તા. ૬–૧૧–૨૦૦૭**

સિન્ડિકેટની તાકીદની સભા મંગળવાર, તા. ૬–૧૧–૨૦૦૭ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા. ૬–૧૧–૨૦૦૭ |
|---|---|---|
| ૧. | ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | શ્રી જયેશભાઈ વી. દેશકર (ઉપ–કુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | ગેરહાજર |
| ૭. | આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | ગેરહાજર |
| ૮. | – ખાલી – | ––– |
| ૯. | ડૉ. શશીકાંતભાઈ જી. શાહ | હાજર |
| ૧૦. * | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | ગેરહાજર |
| ૧૧. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | ગેરહાજર |
| ૧૪. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | ગેરહાજર |
| ૧૫. | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી | હાજર |
| ૧૬. * | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | ગેરહાજર |
| ૧૭. | શ્રી મયૂરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૮. | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર |
| ૧૯. | શ્રી દિનેશભાઈ દાસા | હાજર |
| ૨૦. | ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | હાજર |

* શ્રી હેમંતભાઈ જે. ટોપીવાલા અને આ. ડૉ. યુ. ટી. દેસાઈએ સિન્ડિકેટની સભામાં ગેરહાજર રહેવા અંગે ટેલિફોનીક જાણ કરી હતી.

સભાની શરૂઆતમાં શ્રી જયેશભાઈ દેશકરે (મા. ઉપકુલપતિશ્રી) ૩ (ત્રણ) વર્ષ કરેલ કામગીરીની સેવાને લઈને સિન્ડિકેટની સભામાં તેમના ભાવિ જીવન માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

**૧.** સી.ડી.પચ્ચીગર ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત અંગે નામદાર હાઈકોર્ટના ચુકાદાને આધીન, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગમાંથી એક અધિકારીશ્રીની નિમણૂંક કરી, યુનિવર્સિટીએ નિયુકત કરેલ તપાસસમિતિના સભ્યોએ સી.ડી.પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન, સુરતની રૂબરૂ મુલાકાત લઈ મોકલેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આજ સુધીની કાર્યવાહી, હાલનો તપાસસમિતિનો રીપોર્ટ, કોર્ટ કાર્યવાહીની તપાસ વિગતો ઘ્યાને લેતાં સંસ્થા સામેની પ્રવર્તમાન કાર્યવાહીને યથાવત ચાલુ રાખવી તથા નવા પ્રવેશ ન ફાળવવાના નિર્ણયને પણ યથાવત રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.**

**૨.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એન્ડ કોલેજ ટીચર્સ સંઘના કન્વીનર ડૉ. વિપુલ જે. સોમાણીના તા. ૨૯–૧૦–૨૦૦૭ના પત્ર સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં સેલ્ફ ફાઈનાન્સ પ્રોગ્રામ/ કોર્ષ / અભ્યાસક્રમમાં સ્વનિર્ભર ફંડ હેઠળ ફરજ બજાવતા શૈક્ષણિક કર્મચારીઓને વિવિધ લાભો આપવા મા. કુલપતિશ્રી દ્વારા નિમેલ કમિટિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, **પરિશિષ્ટઃ ' ક '** માં આપ્યા મુજબ (૧) થી (૮) નંબરમાં દર્શાવેલ લાભો નોકરીમાં જયારથી જોડાયા ત્યારથી આપવા અને મુદ્દા નંબર (૯) માટે નીચે મુજબની સમિતિની નિમણૂક કરવી અને સમિતિના રીપોર્ટને આધારે આગળની કાર્યવાહી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.

(૧) ડૉ. વિપુલભાઈ જે. સોમાણી (કન્વીનર)

(૨) શ્રી એસ.વી. પટેલ

(૩) ડૉ. જાગૃતિબેન પટેલ

**(પરિશિષ્ટ : ' ક' )**

**૩.** ગુજરાત ગેસ કંપની દ્વારા યુનિવર્સિટીના શૈક્ષણિક ઝોન તરફથી (એટલે કે ઉધના મગદલ્લા રોડની દક્ષિણ દિશા તરફથી) જુની નવી કંમ્પાઉન્ડ વોલ વચ્ચેના ભાગમાં યુનિવર્સિટીનું એન. ઓ. સી **(NOC)** લીધા વગર ગેસ પાઈપ લાઈન નાંખવાનું ચાલુ કરતા તે કામગીરી યુનિવર્સિટી દ્વારા અટકાવવામાં આવી છે જેના સંદર્ભમાં ગુજરાત ગેસના તા. ૨૬ –૧૦– ૨૦૦૭ના પત્રથી **NOC** માંગેલ છે. જે આપવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસની વચ્ચે પસાર થતાં ઉધના– મગદલ્લા રોડની ઉત્તર બાજુએ યુનિવર્સિટીની હકુમતની જૂની અને નવી દિવાલ વચ્ચે ગુજરાત ગેસ કંપની દ્વારા નંખાતી પાઈપ લાઈનને **NOC** આપવી કે કેમ તે માટે નીચે મુજબની સમિતિ નીમવી :

(૧) શ્રી દિપકભાઈ આફ્રિકાવાળા (કન્વીનર)

(૨) શ્રી મયૂરભાઈ ચૌહાણ

(૩) શ્રી એન.જે. મિસ્ત્રી (એસવીએનઆઈટી, સુરત)

(૪) શ્રી કૃષ્ણકાંત તમાકુવાળા

આ સમિતિએ સમગ્ર અહેવાલ ૨૦ દિવસમાં રજૂ કરવો.

**૪.** સિન્ડિકેટ સભ્યશ્રી દિનેશભાઈ દાસાએ પ્રોવિઝનલ ડીગ્રી સર્ટિફિકેટ વિદ્યાર્થીઓને કાઢી આપવા અંગે કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રોવિઝનલ ડીગ્રી સર્ટીફિકેટ ચોકકસ કારણો હોય તો જ વિદ્યાર્થીને રૂા. ૫૦૦/– ની ફી લઈ કાઢી આપવા.

**૫.** યુનિવર્સિટી કેમ્પસનું ઘાસ કાપી જવા માટે શ્રી સુરત પાંજરાપોર સુરતનું તા. ૫–૧૧–૨૦૦૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસમાં જે ઘાસ છે તે વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮ માટે ઘાસ મૂલ્ય વિના કાપી લઈ જવાની ઝાડી ઝાંખરાની જરૂરી સફાઈ કરી આપવાની શરતે મંજૂરી આપવામાં આવે છે.

**૬.** સ્ટેટયુટરી યુનિવર્સિટીની અનુસ્નાતક પદવી પરીક્ષા બાહ્ય વિદ્યાર્થી તરીકે **(External Private)** (પાસ કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીની જે તે પરીક્ષા સમકક્ષ ગણી પીએચ.ડી. માટે પ્રસ્તુત એક્ષર્ટનલ પરીક્ષાને માન્ય ગણી પ્રવેશ આપવો કે કેમ તે અંગે પરીક્ષા સમકક્ષતા સમિતિએ તેની તા. ૧૫–૦૭–૧૯૭૮ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>પરીક્ષા સમકક્ષતા સમિતિની ભલામણઃ</u>**

આથી ઠરાવવામાં આવે છે કે, હવેથી અન્ય સ્ટેટયૂટરી યુનિવર્સિટીની અનુસ્નાતક પદવી પરીક્ષા બાહ્ય વિદ્યાર્થી તરીકે **(External/ Private Correspondence)** પાસ કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીની અનુસ્નાતક પરીક્ષા સમકક્ષ માન્યતા આપવી નહી. તથા પીએચ.ડી. કે અન્ય અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પાત્ર નહી ગણવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી પૂરતું જ અનુસ્નાતક પદવી પરીક્ષા બાહ્ય વિદ્યાર્થી તરીકે પાસ કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીનું પીએચ.ડી. ના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પાત્ર ગણવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, હવેથી સ્ટેટયૂટરી યુનિવર્સિટીની અનુસ્નાતક પદવી પરીક્ષા બાહ્ય વિદ્યાર્થી તરીકે **(External/ Private Correspondence)** પાસ કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીની અનુસ્નાતક પરીક્ષા સમકક્ષ માન્યતા આપવી નહી. તથા પીએચ.ડી. કે અન્ય અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પાત્ર ગણવા નહી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી પૂરતું જ અનુસ્નાતક પદવી પરીક્ષા બાહ્ય વિદ્યાર્થી તરીકે **(External)** પાસ કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીનું પીએચ.ડી.ના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પાત્ર ગણવા.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧–૯–૧૯૭૮ ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૩)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, હવેથી સ્ટેટયૂટરી યુનિવર્સિટીની અનુસ્નાતક પદવી પરીક્ષા બાહ્ય વિદ્યાર્થી તરીકે **(External/ Private Correspondence)** પાસ કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીની અનુસ્નાતક પરીક્ષા સમકક્ષ માન્યતા આપવી નહી. તથા પીએચ.ડી. કે અન્ય અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પાત્ર ગણવા નહી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી પૂરતું જ અનુસ્નાતક પદવી પરીક્ષા બાહ્ય વિદ્યાર્થી તરીકે **(External)** પાસ કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીનું પીએચ.ડી.ના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પાત્ર ગણવા.

(એકેડેમિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી અને એ.આઈ.યુ.ના માન્ય યુનિવર્સિટીમાંથી બાહ્ય પરીક્ષા **(External)** પાસ કરેલ વિદ્યાર્થીને પ્રવર્તમાન ઓર્ડિનન્સની જોગવાઈ મુજબ પીએચ.ડી.ના વધુ અભ્યાસ માટે મંજૂરી આપવી અને નોકરી માટે પણ લાયક ગણવા.

યુનિવર્સિટી કાર્યાલય, સુરત
ક્રમાંકઃ એસ–૧ (૧)/ ૧૪૬૭૮ /૨૦૦૭. **ઈ.ચા. કુલસચિવ**
તા. ૭– ૧૨–૨૦૦૭.

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ….